ગાંધીનગર સમાચાર
તા. ૮-૫-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

ગંગા અને વારાણસીનું ધર્મકારણ

આખા દેશના રાજકારણનું કેન્દ્ર વારાણસી બની ગયું હોય એવો માહોલ સર્જી ભાજપ એના દિલ્હી મિશનમાં આગેકૂચ કરી રહ્યું છે. વારાણસીમાં હિંદુ હિતરક્ષક નરેન્દ્ર મોદીના સમર્થનમાં બે શંકરાચાર્યોને બાદ કરતાં સમસ્ત સંત સમાજ અને દેશનાં ટોચનાં ઉદ્યોગગૃહોના પ્રતિનિધિ કાર્યરત છે. એમની પહોંચ નથી એવા પછાત સમાજને આકર્ષવામોદી પોતાની જાતને હલકી જાતના બતાવી રહ્યા છે. બધું જ પદ્ધતિસર અને આયોજનપૂર્વક ચાલી રહ્યું છે. વારાણસી એટલે ભગવાન શિવની નગરી. સાથે જ એ ગંગાની નગરી અને મોક્ષદાયિની નગરી પણ ખરી. ધર્મ પ્રત્યેની આ દેશના જનસાધારણની શ્રદ્ધાને કેવી રીતે વટાવી શકાય એનું શાસ્ત્ર ભાજપને શીખવવું પડે એમ નથી. એ પણ સાચું કે કોંગ્રેસ સહિતના તથાકથિત બિનસાંપ્રદાયિક પક્ષોએ દેશની જનતાની શ્રદ્ધા પ્રત્યે ઉદાસીન રહી વારાણસી જેવી ધર્મનગરી અને લોકમાતા ગંગાની ઉપેક્ષા કરવામાં કોઈ જ કસર નથી રાખી. ગંગા શુદ્ધીકરણના રાજીવ ગાંધીના વિચારનો ફક્ત કાગળ પર અમલ કરાતો રહ્યો છે. અત્યાર સુધી અબજો રૂપિયા ગંગા પ્રાધિકરણના નામે ખરચાઈ ચૂક્યા છે પરંતુ ગંગાની તબિયત નિરંતર કથળતી જ રહી છે. ગંગાના નામે રાજકારણ કરવામાં ભાજપ અને સંઘપરિવારને ભાગ્યે જ કોઈ પહોંચી શકે. યુપીએ શાસનમાં દસ વર્ષ દરમિયાન ગંગાના શુદ્ધીકરણનું નોંધપાત્ર કામ નથી થઈ શક્યું તેનો લાભ ભાજપને સ્વાભાવિક રીતે જ મળી શકે એમ છે. ધર્મને રાજકારણથી અલગ રાખવાનો આદર્શ પ્રજાના સ્તરે કેટલો માન્ય થઈ શકે એ પ્રશ્ન જ છે. મોદીએ ઊંડા અભ્યાસને અંતે વારાણસી બેઠક પર પસંદગી ઉતારી હતી. એમણે સોમનાથ અને વિશ્વનાથની ભૂમિને સાંકળવાની હૃદયસ્પર્શી રજૂઆત કરી હતી તો વળી મદનમોહન માલવીય દ્વારા સ્થાપિત બનારસ હિંદુ યુનિવર્સિટી તથા કાશી વિદ્યાપીઠના વિદ્યાર્થીવૃંદ સાથે સોશિયલ નેટવર્કિંગ દ્વારા સંબંધ સ્થાપી પોતે વારાણસીને વિશ્વની આધ્યાત્મિક રાજધાની બનાવવા કૃતસંકલ્પ હોવાનું જાહેર કર્યું હતું. વારાણસીની ગ્રાઉન્ડ રિયાલિટી છે એનું કથળેલું ઈન્ફ્રાસ્ટ્રકચર અને નાદાર બની ગયેલું અર્થતંત્ર. ગંગાએ તેડાવ્યો છે એટલે જ આવ્યો છું, એવું નિવેદન કરતાંની સાથે એમણે ગંગાને સાબરમતીની જેમ શુદ્ધ અને સુવિકસિત કરવાની હૈયાધારણ આપી તે અલબત્ત હાસ્યાસ્પદ લાગે એવી હતી. કયાં સાબરમતી અને કયાં ગંગા! ગંગા તો ભારતની જીવનરેખા છે. ગંગાનું પ્રદૂષણ કોઈ એક શહેર પૂરતું મર્યાદિત નથી. ગંગાનું પ્રદૂષણ છેક ઋષિકેશ અને હરદ્વારથી બલકે હવે તો ગંગોત્રીથી શરૂ થઈ જાય છે. વચ્ચે આવતાં ગામડાં, કસ્બા અને શહેરોની ગટરો અને ગંદકી, કાનપુરમાં કતલખાનાં અને ચર્મ ઉદ્યોગનાં લોહી માંસ સુધ્ધાં એમાં ઠલવાતાં રહે છે. કાશીનું મરણ શ્રેષ્ઠ ગણાયું છે એટલે અડધાં પડધાં બળેલાં મડધાં ગંગાના પ્રવાહમાં વહાવી દેવાની ગંદીગોબરી પ્રથાને કારણે તથા ધાર્મિક અનુષ્ઠાનો અને ગંગાસ્નાન પણ પવિત્ર નદીને અહર્નિશ મલિન કરતાં રહે છે. કુંભમેળો રાષ્ટ્રીય મહાપર્વ છે, પરંતુ એથી ગંગામાં લાખો માણસોનાં મળમૂત્ર ઠલવાય છે, તે પણ એટલું જ સાચું છે. આવી પ્રદૂષિત ગંગાને સ્વચ્છ કરવાનો સૌ પ્રથમ વિચાર સ્વપ્નદ્રષ્ટા રાજીવ ગાંધીના મનમાં ઝબૂક્યો હતો, પરંતુ ગાંધી પરિવારનું ધનોતપનોત કાઢી નાખવાના મનસૂબા સાથે ચૂંટણી જંગ ખેલી રહેલા ગુજરાતના મુખ્યમંત્રી એમને એટલો જશ આપવા જેટલી ઉદારતા દાખવે એવી અપેક્ષા અસ્થાને છે. ગંગાસપ્તમી ટાણે ગંગાનું પૂજન-અર્ચન થયું, નરેન્દ્ર મોદી હવે વારાણસીમાં જ ધામા નાખીને રહેશે ત્યારે એકાદવાર કેજરીવાલની જેમ ગંગાજીમાં ડૂબકી મારી આવવાનું નાટક પણ કરશે જ. પરંતુ ગંગા કિનારે વસેલી પુરાતન મોક્ષનગરીમાં એકલા શ્રદ્ધાળુ હિંદુઓ નથી રહેતા તેની પણ મોદીને બરાબર ખાતરી છે. એટલે તેઓ મુસલમાન વણકરો અને દલિત નાવિકોના શ્રેયની પણ ચિંતા કરવા લાગ્યા છે. એમણે દેશની અને સવિશેષ કાશીની ગંગાજમની તહેજીબ જળવાઈ રહેશે, એની ખાતરી આપી છે. પૂર્વાંચલના પાટનગર જેવી વારાણસી એ તીર્થોનું તીર્થ છે. તીર્થક્ષેત્રે વધુમાં વધુ જૂઠું બોલાઈ રહ્યું હોય એવો હળાહળ કળિયુગ વારાણસી ખાતે સાકાર થઈ ચૂક્યો છે. ભગવાન વિશ્વનાથ ત્રીજી આંખ ખોલશે ખરા? કે પછી ભાંગ ચડાવીને સમાધિમાં જ બેઠા રહેશે? ત્રણ મુખ્ય પ્રતિસ્પર્ધીઓ મેદાનમાં છે, પરંતુ પ્રતિષ્ઠા હોડમાં મુકાઈ છે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની . વારાણસીમાં જ એમને ઘેરી લઈને એમની હેસિયત મુજબ વેતરી નાખવાની કવાયતમાં બિનસાંપ્રદાયિક પરિબળોને કેટલી સફળતા સાંપડશે એ તો સોળમી મેના દિવસે જ ખબર પડશે. મુસ્લિમ મતોનો મોટો ભાગ મુખ્તાર અંસારીના ઈશારે કોંગ્રેસના સ્થાનિક ઉમેદવારની તરફેણમાં જતો વરતાઈ રહ્યો છે ત્યારે બહુબોલા કેજરીવાલ તો ત્રીજા ક્રમે ધકેલાઈ ગયા છે. બાકી બે પૈકી ગંગા મૈયા એના ખોળે ઊછળેલા અજયરાયને લાડ લડાવે છે કે ગુજરાતથી એનો સાદ સાંભળીને દોડી આવ્યા હોવાનો દાવો કરતા મોદીને સ્વીકારે છે એ જોવું રસપ્રદ બની રહેશે..

બાલોત્સવમાં બાળકોનો કલશોર ગુંજ્યો

સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ચાલી રહેલી કલરવ સંસ્થાના બાલોત્સવમાં બાળકોની શક્તિઓ ખિલી ઉઠી : ડાન્સ શીખતી બાળાઓએ રામલીલા ફેઈમ ગીત નગારા સંગ ઢોલ બાજે પર મન મુકીને થીરકી

ગાંધીનગર, તા. ૭

વર્ષ દરમિયાન શાળાની ચાર દિવાલોમાં પીંજરે પુરાયેલ પતંગિયા

જેવા ભૂલકાઓ વેકેશનમાં મુક્ત મને સમરકેમ્પમાં વિહરી રહ્યા છે. આખુ વર્ષ મનમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના આટા-પાટામાં ઘેરાયેલા બાળકો આજે દિલથી ડાન્સ, નાટક, રાસ અને રાજસ્થાની નૃત્યો કરી પોતાનુ મન હળવુ કરી પાણીમાં છબછબીયા કરી રહ્યા છે.

ગાંધીનગર શહેર અને આજુબાજુના બાળકો કલરવ સંસ્થા દ્વારા યોજવામાં આવેલ બાલોત્સવમાં ઝૂમી રહ્યા છે. ૨૫૦ થી વધુ બાળકો અહિંયા રંગમંચલક્ષી તાલીમ મેળવી રહ્યા છે. છેલ્લા આઠ વર્ષથી બાળકોની શક્તિઓને બહાર કાઢવા અને શિક્ષણથી દૂર સંગીત મેળવી બાળક હળવુ ફુલ થાય તે હેતુથી કલરવ

સંસ્થાએ પોતાના ખભા ઉપર ભાર ઉઠાવ્યો છે.

બાલોત્સવમાં ૭ વર્ષથી ૧૪ વર્ષના બાળકો ઉત્સાહપૂર્વક નાચી રહ્યા છે. નાટક કરી રહ્યા છે. તેમજ અલગ-અલગ રાજ્યના નૃત્યો કરી આનંદીત થઈ ઉઠ્યા છે. ત્યારે સેક્ટર-૪-ડીમાં રહેતી અને સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ધોરણ-૪ની વિદ્યાર્થિની જીયા ગજ્જર પોતાની કાલીઘેલી ભાષામાં કહે છે કે હુ આ બાલોત્સવમાં આવી રામલીલા ફિલ્મનો નગારા સંગ ઢોલ વાગે પર ડાન્સ કરૂ છુ મને ડાન્સ કરવો ખુબજ ગમે છે અને હુ મોટી થઈને મારી પોતાની ડાન્સ એકેડેમી ખોલીને બાળકોને ડાન્સ શિખવીશ. ડાન્સ શિખવતા પ્રજ્ઞાબેન ગજ્જર પણ આ બેબી ડોલનો ડાન્સ જોઈને અભિભૂત થઈ જાય છે.

આ બાલોત્સવમાં નવસારીથી પોતાની દીદીને ત્યા વેકેશન માણવા આવેલી શ્લેષા વાયકલૈયા કહે છે કે અમારા નવસારીમાં આ કેમ્પ નથી થતો. તેથી હુ વેકેશનમાં અહિંજ આવુ છુ. અહિંયા આવીને મને ખુબજ આનંદ આવે છે અને નવુ નવુ શિખવા મળે છે. હું અહિંયા ડાન્સ, કથ્થક નૃત્ય, ભરતનાટ્યમ શિખી રહી છુ. પરંતુ હું મોટી થઈને ટીચર બનીશ અને બાળકોને ભણાવીશ. શ્લેષા કહે છે મને મસ્તીખોર બાળકો નથી ગમતા.

ત્યારે ફુલ જેવા કુમળા

બાળકો 'નાના અમે તો નાના જ સારા' નાટકથી મોટેરાઓને સંદેશ આપી રહ્યા છે. નાટકના તજજ્ઞ નીતિનભાઈ પટેલની સાથે બાળકો હળીમળી જઈને ઉત્સાહપૂર્વક નાટક ભજવી રહ્યા છે. નાટકમાં ભાગ લીધેલ બાળકે કહ્યું કે આ નાટક અતિ વ્યસ્ત રહેતા માતા-પિતા માટે છે. અમારા વડીલો નામ અને દામ કમાવવાની ઘેલછામાં અમારી

કાળજી લેતા નથી. ત્યારે તે કહે છે કે 'અમારે સંતતીને સંપતિની જરૂર નથી પણ સ્નેહની જરૂર છે.' તે કહે છે કે અમે અહિંયા જે શિખીશુ તે અમારા માતા-પિતાને જણાવીશુ.

કલરવ સંસ્થાના અગ્રણી આશાબેન સરવૈયાએ જણાવ્યું હતું કે, આઠ વર્ષથી બાળકોને અલગ-અલગ શહેરોની મુલાકાત કરાવે છે. વર્ષ દરમિયાન સંસ્થાઓ શહેર ઉપરાંત કલોલ, દહેગામ, રાંધેજા, પેથાપુર, સરગાસણ, વાવોલ, કુડાસણ સહિત ગામોમાં બાળકોને પ્રવાસ કરાવ્યો છે. આ બાળકોને મુન્દ્રાબંદર અને મોટા-મોટા જહાજો બતાવ્યા છે. જામનગરના નરારા અને પોશીના ટાપુઓ અને દરિયાઈ જીવ સૃષ્ટિની જાણકારી આપવાનું કામ કર્યુંછે. તેમજ વિજયનગરમાં ટ્રેકીંગ, અમદાવાદના વિખ્યાત સ્થાનો, જેવા કે ઈસરો, સાયન્સ સીટી, ગાંધી આશ્રમ તેમજ ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી કમલાજી બેનીવાલ, ગુજરાતના આઈ.પી.એસ. અતુલ કરવલ સાથે પણ ગોષ્ઠી કરાવવામાં આવી છે.

આ બાલોત્સવમાં નાટક- તુષાર દવે, નીતિન પટેલ, રાજસ્થાની નૃત્ય- પિન્ટુ રાઠોડ, કથક નૃત્ય - વિધિ વાણીયા, ભરત નાટ્યમ-મિત ભટ્ટ, ફિસ્ટાઈલ ડાન્સ - જીગર ત્રિવેદી અને ડ્રોઈંગ- મેઘા પારેખ દ્વારા શિખવવામાં આવે છે. ત્યારે આ તજજ્ઞોએ જણાવ્યું હતું કે અમે અહિંયા બાળકોને નવુ-નવુ શિખવીએ છીએ. જે બાળકો પોતાના માતા-પિતા સાથે રહીને શિખી શકતા નથી તે અમે શિખવાડીયે છીએ. તેમજ જે બાળકો કલરવ સંસ્થામાં જોડાવા ઈચ્છતા હોય તેઓ પણ વાર્ષિક ૫૦ રૂ. ફી ભરી જોડાઈ શકે છે.

પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનુ સન્માન કરવાનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સમાજના આજીવન સભ્યોના પૌત્ર-પૌત્રીઓના ધોરણ-૧ થી ૯માં અભ્યાસ કરતા અને માર્ચ-૨૦૧૪માં ૭૫ ટકાથી વધુ માર્ક્સે ઉત્તીર્ણ થયા હોય તેવા તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં સન્માનને પાત્ર બાળકોની નોંધણી તા. ૩૧મી મે પહેલા કરાવવા સમાજના સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર અને ગુડા વિસ્તારમાં રહેતા પેન્શનર્સ સમાજના સભ્યોને તેમના પૌત્ર-પૌત્રીઓ જો ધોરણ ૧ થી ૯ મા અભ્યાસ કરતા હોય અને માર્ચ-૨૦૧૪ની વાર્ષિક પરીક્ષાઓમાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તિર્ણ થયા હોય તો તેમણે આવા તેજસ્વી તારલાની સંપૂર્ણ વિગતો જેવી કે નામ, ધોરણ, શાળાનું નામ, મેળવેલ ટકા, સરનામુ, ટેલીફોન નંબર અને સભ્યનો સભાસદ નંબર સાથે સમાજની કાર્યવાહક સમિતિને તા. ૩૧મી મે પહેલા પહોંચાડી દેવા અનુરોધ કરાયો છે. જે સેક્ટરમાં કાર્યવાહક સમિતિના સભ્ય ન હોય તેવા સંજોગોમાં ઉપરોક્ત માહિતી સમાજના અધ્યક્ષ સૂર્યકાન્તભાઈ બારોટને પ્લોટ નં. ૩૨૩/એ-૧ સેક્ટર-૮ ખાતે રૂબરૂ પહોંચાડવા વિનંતી કરાઈ છે.

હરિની દૃષ્ટિ...

ચિંતા ન કર... સાંભળ્યું છે , 'નવી સરકાર કોઈપણ આવે તે ગરીબ વિરોધી તો નહીં જ હોય...' તો આપણે તો એમને એમ સગવાઈ જ જવાના...!!

સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ, સેક્ટર-૨૪ વર્ષ-૨૦૧૩-૧૪ શાળાનું પરિણામ

ક્રમ	નામ	ટકા
જુ.કે.જી.		
૧	જાની શિવ જયેશભાઈ	૯૨.૦૨
૨	ઠાકોર વિર અશોકભાઈ	૯૦.૬
૩	પરમાર વિવેક ગિરીષભાઈ	૮૭.૪
સિ.કે.જી.		
૧	દરજી વૈભવી મયંકકુમાર	૯૪.૦૮
૨	શ્રીમાળી દૃષ્ટિ પ્રગ્નેશકુમાર	૯૪.૦૦
૩	શાહ રૂદ્ર કેતનકુમાર	૯૦.૪
ધોરણ-૧		
૧	રાવળ ધાર્મિક રાજુભાઈ	૯૧.૦૪
૨	પ્રજાપતિ ભાવેશ અમરતભાઈ	૮૯.૦૬
૩	રાવલ કુલદિપ નટુભાઈ	૮૭.૦૮
ધોરણ-૨		
૧	કુશવાહું સોની રામકિશોર	૯૪.૦૦
૨	કુશવાહુ મેહક રામકિશોર	૯૩.૦૮
૩	રાવલ રજનીકાન્ત નટુભાઈ	૯૨.૦૦
ધોરણ-૩		
૧	પરમાર કિશ અમિતકુમાર	૯૫.૨૮
૨	કુશબાહુ નેહા રામકિશોરા	૯૫.૧૪
૩	પઠાણ અયાનખાન શાહનવાજખાન	૯૩.૦૦
ધોરણ-૪		
૧	દરજી દર્શિલ સંજયભાઈ	૯૧.૫૭
૨	પ્રજાપતિ દિશા ડાહ્યાભાઈ	૮૮.૪૨
૩	મહાજન હિતેષ કૈલાશભાઈ	૮૨.૪૨
ધોરણ-૫		
૧	પરમાર આર્યન અમિતભાઈ	૯૭.૪૪
૨	ચૌધરી મીતેશ વિજયભાઈ	૯૫.૧૧
૩	કુશબાહુ દેવેન્દ્ર ઉદલભાઈ	૮૮.૨૨
ધોરણ-૬		
૧	પઠાણ આશેફા શાહનવાઝખાન	૯૫.૦૦
૨	પરમાર અર્પિત મુકેશભાઈ	૯૩.૬૪
૩	દરજી પૂજા સંજયભાઈ	૯૧.૪૨
ધોરણ-૭		
૧	ચૌધરી મીરાબેન વિજયભાઈ	૮૯.૬૪
૨	પટેલ સચિન બચુભાઈ	૭૯.૧૪
૩	મારવાડી હીના ગણેશભાઈ	૭૮.૦૫
ધોરણ-૮		
૧	પરમાર રોહન પરષોત્તમભાઈ	૮૮.૭૧
૨	કુશવાહા રેખા રાધેશ્યામભાઈ	૮૧.૩૫
૩	પંચાલ ધર્મિષ્ઠા અશોકભાઈ	૭૯.૬૪
ધોરણ-૯		
૧	સોલંકી જિગર રમેશભાઈ	૮૦.૮૫
૨	કછોટ ઋત્વીક ડાહ્યાભાઈ	૭૯.૦૦
૩	રાઠોડ જાકીરહુસેન હમીદભાઈ	૭૭.૫૭

તમારા સંતાનને મહાભારતની આ વાર્તા કહી?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

બાળક એટલે નાનકડા શરીરમાં આવીને વસેલા મોટા... ભગવાન. તેની આંખો આગળ તો મૂર્તિની આંખો પણ પાણી ભરે, તેની ચપળતામાં તો જાણે વિશ્વનિયંતાની પગલીઓ, તેનો કાલોકાલો અવાજ એટલે નદીઓનો કલશોર. જેના વિના આપણે રહી નથી શકતા, ટકી નથી શકતા, જેના વિશે રોજ નવા સ્વપ્નો જોઈએ છીએ. જેની દરેક વાતને પૂરી આપણે કોઈ પણ હદ સુધી થાકવા તૈયાર હોઈએ છીએ. તેના બાહ્ય કલેવરને કરવામાં આવતાં લાડ અમુક ઉંમર સુધી શોભે અને પછી શરૂ થયા છે તેની આંતરિક ગુણ વૃદ્ધિનો ખૂબ અગત્યનો સમય! તેની માનસિકતાને સમજવા માટે, આવડતને આકારીત કરવા માટે જરૂર પડે છે રોજ નવા અને ઉત્સાહપ્રેરક વિચારો, જુસ્સાદાર કથાઓ અને ગમી જાય તેવા કાર્યોની ચાદી. તેને રોજ નવી સમસ્યાઓમાં નવડાવવાનો અને પછી સ્વ-ઉકેલથી પરસેવે રેબજેબ કરવાનો પ્રયાસ કોણ કરશે? તેને સંઘર્ષની હોડીમાં પ્રવાસ કરાવવાનો અને સુમસામ અંધારી રાતમાં ઉજાણી કરાવવાની તૈયારી કોઈ અન્ય ન જ કરી શકે. લોકો વચ્ચે રહે અને લોકોને સમજે તેવી લોકદરકારની ભાવના તેનામાં બાળપણથી રોપાય તો સમાજની ઘણી સમસ્યાઓ જન્મશે જ નહીં.

માતાએ બાળકનાં શરીરની અને ભાવનાઓની ચિંતા અને ચિંતન કરવાનું છે. જ્યારે પિતાએ સંતાનની શ્રેષ્ઠતાઓને આકારીત કરવા માટે નવા કાર્યક્રમો, પ્રવાસ, શિબિર અને સૌથી વધુ તો પોતાના અનુભવોનું કથન કરવાની જરૂર હોય છે. બાળક આગળ પોતાની નિષ્ફળતાઓ કહેવાથી બાળકમાં એક પ્રકારની કુનેહ નિર્માણ થશે. એક બાળક જો જવાબદાર નાગરિક બને તો તે ભવિષ્યનો નાગરિક સમાજની અનેક સમસ્યાઓને હલકી કરી શકે છે.

આખા ઘરમાં સૌથી મોટી જણસ એવા આપણા બાળકોને આપણે કેટલો પ્રેમ કરીએ છીએ તેની કોઈ સાબિતી હોઈ શકે ખરી? બસ ખાસ કંઈ નહીં, તેની સાથે ખુલ્લા દિલે અને તેની સન્મુખ ખુલ્લી આંખોએ કેટલી ક્ષણો ગાળીએ છીએ. તેના પર આધરીત છે. વેકેશન શિબિરોનો કાફલામાં માતા-પિતા બાળકને મુકીને આવતા મલકાતા મલકાતા આવે છે અને વિચારે છે કે મારી દિકરી કેટલું શીખીને આવશે? મારો દિકરો ક્યાંય પહોંચી જશે. અરે! પણ જે સમયે બાળકને શુદ્ધ રીતે માતાપિતાના સહવાસની જરૂર હોય છે ત્યારે તેને દૂર મૂકી દેવામાં આવે તો તેનો વિકાસ મર્યાદિત રીતે થાય. માતાના ધાવણની બદલીમાં જેમ કંઈ ન ચાલે તેમ તેના આંતરિક વિકાસમાં માતા-પિતા બંનેની સમાન જવાબદારી છે. જોવા જઈએ તો બાળકની વેકેશનની પાઠશાળા ઘરથી જ શરૂ થાય અને ઘરમાં જ પૂરી થાય.

બાળકને આખું વર્ષ શિક્ષણ(?) આપવા આપણે શું શું કરી છૂટીએ છીએ (!) તે સૌ જાણીએ છીએ. એવું માનવાની બિલકૂલ જરૂર નથી કે આપણે પસંદ કરેલો રસ્તો શ્રેષ્ઠ જ છે અથવા આપણે દોડી રહ્યા છીએ તે કોઈ મોટી કેડી છે. કારણ કે હજી સરકાર પણ નવા નવા અખતરાઓ કરતી રહે છે. પૂર્ણ કક્ષાનું અને કદનું શિક્ષણ આપણા સૌનું સ્વપ્ન જ છે. જો એવું ન હોત તો ભારત આજે ગરીબને રોટલો અને ઓટલો, યુવાનોને રોજગારી, સ્ત્રીઓને સુરક્ષા અને સરહદ પર જવાનોને સન્માન આટલા દૂરના અને મૃગજળવત ન લાગતા હોત!

જે વાલીઓ પાસે સમય નામની મૂડી છે તેણે બાળક પાસે બેસવાનો ઉત્તમ સમય એટલે જ ઉનાળાની રજાઓ. હવે દાદા-દાદી વાર્તા વગરનાં થઈને છાપામાંથી હજી પણ કદાચ કશુંક શોધી રહ્યા છે. છેવટે માતા-પિતાએ સક્રિય બની બાળકોને આપણી ઉત્તમ વાર્તાઓ, કવિતાઓ અને પસંદગીયુક્ત સાહિત્ય સંભળાવવું અને વંચાવવું જોઈએ. કારણ કે મોટા ભાગના બાળકો ધોરણ દસ પછી વિજ્ઞાનની દુનિયામનાં સરદાર(?) ગણિતના આર્યભટ્ટ(?) બનવા થનગનાટ અનુભવે છે. આવનારા સમયમાં આપણા દેશમાં એવા નાગરિકો વધુ જોવા મળશે જેને વાર્તા, કવિતા, લોકગીત, લગ્નગીત, બાલગીત, દેશભક્તિ ગીત, પ્રકૃતિનો વૈભવ અને બીજા માણસમાં રસ- આ બધામાં ખૂબ ઓછી ખબર પડતી હશે. ભલું થજો ફિલ્મી દુનિયાનું જે ગમે તેમ કરીને બાળકોને સંગીત, નૃત્ય, વાર્તાથી જોડી રાખે છે.

ટેલિવિઝનમાં આવતી કલાકની સિરિયલ હકીકતમાં તો પાંચ મિનિટની વાર્તાનું જ લંબાવેલ સ્વરૂપ છે. શું આપણે તેમને એક સિરિયલ ઘરના સભ્યો દ્વારા નિર્દેશિત થયેલી ન જોવડાવીએ? સૌ પ્રથમ આપણે નજીકના ગ્રંથાલયમાંથી (ગાંધીનગર સેકટર-૧૭, અને સેકટર-૨૧માં ખૂબ સારી સુવિધાવાળી લાયબ્રેરી છે, જેના તમે સભ્ય બની શકો છો.) બાળકને કલ્પનાશીલ, ઐતિહાસિક, ગુણલક્ષી અને દેશભક્તિથી તરબતર પુસ્તક લાવીને આપવું, ત્યારબાદ શકય હોત તો ઘરના બધા સભ્યની હાજરીમાં થોડીક વાર્તાની, લેખતની પ્રસ્તાવના આપવી જોઈએ. ત્યારબાદ કાં... તો.. બાળકને અથવા તમે પોતે આરોહ અવરોહ સાથે વાર્તાને કહેવી. બાળકની રસરૂચીને ધ્યાનમાં રાખીને તેમાં ફેરફાર કરવા. જેમ નાના બાળકને આપણે ઘી કે દૂધ પીવડાવીએ અને બાળક આવું પાછું થઈ જાય તેમ આપણું આ થોડુંક મોટું સંતાન આનાકાની કરે પણ આપણે અડગ બની તેને આ વાંચનની ટેવ પાડવી જોઈએ.

ચાલો એક વાર્તાને માણી.. મહાભારત અનેક આખ્યાનોથી સભર અને જીવનદાયિની વિદ્યાઓથી ભરપૂર છે. ક્યારેક કહેવાતા જ્ઞાની કે તપસ્વી મહર્ષિ પણ જ્ઞાનનું સાચું સ્વરૂપ સમજી શકતા નથી. ઉતંક નામના મહામુની દુનિયાદારીથી ઘણા દૂર જઈ કોઈ રણમાં ઉગ્ર તપશ્ચર્યા ચાપન કરે. મહાભારતના મહાસંહાર પછી શ્રીકૃષ્ણ પાછા ફરતાં થોડો સમય તેમના આશ્રયે રોકાયા. મુનિએ પૂરા ભક્તિભાવ અને પૂરા આદરથી એમનું ભાવભીનું સ્વાગત કર્યું. સમષ્ટીના ખબરઅંતર પૂછ્યા. કૃષ્ણે મહાભારતના મહાસંહારની વાત કહી. ભૂતલ પર કૃષ્ણ જેવા સમર્થ મુત્સદી હોવા છતાં તે મહાસંહાર અટકાવી શક્યા નહીએ અંગે મુનિએ આશ્ચર્ય અને દુઃખ પણ વ્યક્ત કર્યા. છેવટે કૃષ્ણ વિદાય થતાં મહર્ષિને એમને લાયક કોઈ કામ ચીંધવા વિનંતી કરી. મહામુનિ તો સંતુષ્ટ હતા. એમને તો કંઈ જોઈતું ન હતું. આમ છતાં શ્રીકૃષ્ણે ખૂબ આગ્રહ કર્યો. ત્યારે માત્ર ક્યારેક ઊભી થતી પાણીની અછત દૂર કરવા વિનંતી કરી. શ્રીકૃષ્ણે વચન આપ્યું કે જ્યારે જરૂર પડે ત્યારે એમને યાદ કરવાથી એમનું કામ થઈ જશે.

એકવાર રણમાં પાણીની અછત ઊભી થતાં મહર્ષિએ કૃષ્ણને યાદ કર્યા. કૃષ્ણને થયું કે તપસ્વીને સાદું પાણી નહીં પણ અમૃત મોકલીએ. એમણે મહર્ષિને અમૃત મોકલી આપવા ઈન્દ્રને આદેશ આપ્યો. પરિગ્રહી ઈન્દ્રને એ ગમ્યું નહીં. એણે એક તાજા ચામડાની મશકમાં અમૃત ભરી ચાંડાલો અને શિકારી કૂતરા સાથે એ મહર્ષિને મોકલ્યું. મહર્ષિએ જુગુપ્સા અનુભવી તે અમૃતને પાછું મોકલ્યું. ફરી કોઈવાર કૃષ્ણ મળ્યા. એને વિશે પૂછ્યું ત્યારે મહર્ષિએ જણાવ્યું કે અસ્પર્ષ્ય પાત્ર અને વ્યક્તિઓ પાસેથીતેઓ તે જળ કેવી રીતે સ્વીકારે કૃષ્ણે પ્રણિધાનથી ઈન્દ્રની ચાલાકી જાણી લીધી પણ મુનિને માર્મિક ઉપાલંભ આપીને કહ્યું કે, 'હે મુનિવર! મેં તો આપને માટે અમૃત મોકલ્યું હતું પણ આપની દૃષ્ટિ ચામડાને અતિક્રમી જ નહી અને આંગણે આવેલું અમૃત તમે ગુમાવ્યું.'. ઈશ્વર તો આપણને વારંવાર અમૃત્વ મોકલે પણ આપણી દૃષ્ટિ સંસારની ખોખલી રૂઢિઓને ઓળંગી ન શકે તો તે અમૃત આપણને ક્યાંથી મળે? ઉત્તંક જેવા મહાતપસ્વી અને જ્ઞાની પણ આ વાત ચૂકી ગયા. આ સિદ્ધ કરે છે કે જ્ઞાનીઓ પણ મોક્ષમાર્ગ (શ્રેષ્ઠ જ્ઞાન) પ્રાપ્ત કરે જ છે એવું નથી.